# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/ ૨૮ /૨૦૧૭,**

**તા. ૩૦/૦૯/૨૦૧૭**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આગામી તા.૦૧/૧૦/૨૦૧૭ ના રોજ મહોરમ તાજીયાના તહેવાર નિમિત્તે જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન અને ટ્રાફિક વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તે હેતુસર નીચે મુજબનો હુકમ કરુ છું.

**હુકમ :**

આગામી તા.૦૧/૧૦/૨૦૧૭ ના રોજ મહોરમ તાજીયાના તહેવાર નિમિત્તે શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી તાજીયા નિકળશે અને નજીકના વિસ્તારોમાં ફરી છેવટે વિસર્જન અર્થે ભેગા થશે. આ દિવસે બપોર કલાક ૧૪.૦૦ થી કલાક ૨૪.૦૦ સુધી નીચે મુજબના જાહેર માર્ગો ઉપર અવર-જવરના સરળ ટ્રાફિક નિયમન માટે વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

૧) દિલ્હી ચકલાથી મિરઝાપુર તરફ તથા ઘી કાંટા તરફનો માર્ગ.(મિરઝાપુર રોડ તેમજ ઘી કાંટા રોડ)
૨) રેવડી બજારથી રિલિફ રોડ તરફ વિજળીઘર સુધીનો માર્ગ
૩) જમાલપુર દરવાજાથી ખમાસા ચાર રસ્તા સુધીનો માર્ગ
૪) રાયખડથી ખમાસા ચાર રસ્તા સુધીનો માર્ગ
૫) સારંગપુર સર્કલથી આસ્ટોડીયા દરવાજા અને ખમાસા સુધીનો માર્ગ
૬) નહેરુબ્રિજ તરફથી રૂપાલી સિનેમા તરફનો માર્ગ
૭) કામા હોટલ સર્કલ થી ખાનપુર દરવાજા સુધીનો માર્ગ
૮) રખિયાલ ચાર રસ્તાથી સારંગપુર સર્કલ સુધીનો માર્ગ
૯) વિક્ટોરીયા ગાર્ડન ચાર રસ્તાથી ઇટાલીયન બેકરી સુધીનો માર્ગ
૧૦) ખારુનાળાથી ખાસબજાર તરફનો માર્ગ
૧૧) રાયખડ ચાર રસ્તાથી મધર ટેરેસા સુધીનો માર્ગ
૧૨) જસવંત શોપ ફેક્ટરી તરફથી રાજનગર માર્કેટ સુધીનો માર્ગ
૧૩) જલારામ મંદિરના ખાંચા તરફથી રાજનગર માર્કેટ સુધીનો માર્ગ
૧૪) મ્યુનિસિપલ કોઠાથી દાણાપીઠ ચાર રસ્તા સુધીનો માર્ગ
૧૫) ખમાસા ચોકી તરફથી પારસી અગીયારી તરફનો માર્ગ
૧૬) જીલ્લા પંચાયત તરફથી ભદ્ર તરફનો માર્ગ
૧૭) વિજળીઘર ચાર રસ્તા તરફથી ભદ્ર તરફનો માર્ગ
૧૮) રિલિફ ચાર રસ્તા તરફથી ખાસ બજાર તરફનો માર્ગ
૧૯) પાનકોર નાંકાથી ભદ્ર મંદિર તરફનો માર્ગ
૨૦) સાબરમતિ નદીના પૂર્વ છેડે નહેરુબ્રીજ તથા એલીસબ્રીજની નીચે તાજીયા ઠંડા થવા માટે આવનાર હોય અને આ તહેવારમાં મોટી સંખ્યામાં લોકોની જનમેદની એકઠી થતી હોય જેથી નીચે જણાવેલ **(એ)** અને **(બી)** મુજબનો રિવરફ્રન્ટનો માર્ગ **"નો-વ્હીકલ ઝોન"** રહેશે.
**(એ)** પીકનીક હાઉસ રિવરફ્રન્ટ રોડ ટી થી સરદાર બ્રીજ તરફ જતો માર્ગ
**(બી)** સરદારબ્રીજ નીચેથી શાહીબાગ પીકનીક હાઉસ તરફ આવતો માર્ગ

**વૈકલ્પિક માર્ગ :**

૧) ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર તરફથી આવતા વાહનો આશ્રમ રોડ થઇ પાલડી ચાર રસ્તાથી જમાલપુર ઓવરબ્રિજ થઇ એસ.ટી. સુધી અવર-જવર કરી શકાશે.

૨) સાબરકાંઠા–હિંમતનગર તરફથી એસ.ટી. તરફ અવર જવર કરવા માટે નરોડા પાટીયા થી મેમ્કો–બાપુનગર થઇ અજીતમીલ થી હાટકેશ્વર સર્કલ થી ખોખરા સર્કલ–અનુપમ સર્કલ–ખોખરા બ્રીજ–કાંકરીયા–ભુલાભાઇ ચાર રસ્તાથી એસ.ટી. તરફ અવર જવર કરી શકાશે.

૩) કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ આવ–જા કરવા માટે દિલ્હી દરવાજા, પ્રેમ દરવાજા થઇ ચોખા બજાર થઇ કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ આવ–જા કરી શકાશે અને નરોડા તરફથી કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ આવ–જા કરવા માટે અમદુપુરા પોલીસ ચોકી થઇ કાલુપુર રેલ્વે ઓવરબ્રિજ થઇ આવ–જા કરી શકાશે.

શહેર વિસ્તારના તાજીયાનો સમગ્ર રૂટ **"નો–પાર્કિંગ ઝોન"** જાહેર કરવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ તા.૦૧/૧૦/૨૦૧૭ ના કલાક ૧૪.૦૦ થી મહોરમ વિસર્જન પુરુ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૯/૨૦૧૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૩૦/૦૯/૨૦૧૭
અમદાવાદ શહેર.

City Commissioner of Police * Ahmedabad *

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :–**

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર